# શહેરમાં હનુમાન જયંતિની ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરાઈ

## ઠેર-ઠેર મહાઆરતી, મારૂતિ યજ્ઞ અને સુંદરકાંડના પાઠ યોજાયા : સે. ૨માં બાલા હનુમાનજી મંદિરે પોલીસ બેન્ડ દ્વારા હનુમાન ચાલીસા પ્રસ્તુત કરાઈ : ચંદ્રગ્રહણના કારણે દિવસે મંદિરો બંધ રહેવાના હોવાથી શ્રદ્ધાળુઓએ વહેલી સવારથી ભીડ જમાવી

ગાંધીનગર, તા. ૪

આજે ગાંધીનગરમાં શહેર સહિત સમગ્ર તાલુકામાં હનુમાન જયંતિની ઉલ્લાસપુર્ણ ઉજવણી કરવામાં આવી હતી. શહેરના હનુમાન મંદિરો, રામજી મંદિરો અને મહાદેવના મંદિરો પર દર્શનાર્થીઓ વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. ઠેક ઠેકાણે મહાઆરતી હનુમાન ચાલીસાના પાઠ, સુંદરકાંડના પાઠ અને મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંદ્રગ્રહણના કારણે સવારે ૧૧ થી ૮ મંદિરો બંધ રહેવાના હોઈ શ્રદ્ધાળુઓ વહેલી સવારે જ દર્શન-પૂજા-અર્ચના કરવા પહોંચી ગયા હતા. દર્શનની સાથે લોકોએ હનુમાનજીને સિંદૂર તેલ અને અડદ ચઢાવ્યા હતા.

નગરના સેક્ટર-૧૭માં આવેલ હનુમાન મંદિરે વહેલી સવારથી ભક્તોએ દર્શન માટે ભીડ જમાવી હતી. આ ઉપરાંત સે. ૨૩ના સ્વામિનારાયણ મંદિરે આવેલ હનુમાનજીની દેરી પર પણ લોકો પોતાના ઘરેથી પગપાળા ચાલતા દર્શન કરવા પહોંચ્યા હતા. સે. ૨ ના બાલા હનુમાનજી મંદિરે મારૂતિ યજ્ઞ અને કાન્તિભાઈ યોગીના સ્વરે સુંદરકાંડના પાઠ યોજાયા હતા તેમજ ગાંધીનગરમાં પ્રથમવાર અહીં પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે હનુમાન ચાલીસાના પાઠ અને મહાઆરતી કરવામાં આવી હતી. સે. ૬-બીના ચંદ્ર મૌલેશ્વર મહાદેવ ખાતે સંદરકાંડના પાઠ યોજાયા હતા. અને સેક્ટર-૨૭માં પોલીસ લાઈન ખાતે સોમનાથ મંદિરમાં પણ સુંદરકાંડના પાઠ કરાયા હતા. તેમજ શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનો પ્રારંભ કરાયો હતો. સે. ૨૭ના આનંદનગરમાં, વાવોલના કિર્તિધામ રો હાઉસમાં, કોલવડાના ગોરા હનુમાનજી મંદિરમાં અને રાંધેજાના કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિરે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાયા હતા.

મહાદેવજીના અગિયારમાં રૂદ્ર અવતાર સમા હનુમાનજીની જન્મ જયંતિએ તેમની ઉપાસના કરી તમામ સંકટો, ભય, પીડા વગેરેથી મુક્તિ મેળવવા શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક આરતી, ભજન અને પૂજા કરી હતી. મંદિરોમાં મારૂતિ યજ્ઞ અને સુંદરકાંડના પાઠ યોજાયા હતા. પરંતુ આજે ચંદ્રગ્રહણ હોવાથી સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી મોટા ભાગના મંદિરો બંધ રહ્યા હતા. જે લોકો સવારે દર્શન નહોતા કરી શક્યા તેઓએ રાત્રે ૮ વાગ્યા પછી દર્શન કરવા માટે લાઈનો ગાવી હતી. આજે નગરમાં શ્રદ્ધાળુઓએ મોબાઈલ પર પણ હનુમાનજીના ફોટા વાળા વિવિધ મેસેજીસ મોકલીને એકબીજાને હનુમાન જયંતિની શુભેચ્છાઓ પાઠવી હતી. મંદિરોમાં લોકોએ હનુમાનજીના દર્શન કરી તેમને સિંદુર, તેલ અને કાળા અડદ ચઢાવ્યા હતા અને મનોકામના પુરી કરવા પ્રાર્થના કરી હતી.




**હનુમાન જયંતિએ શોભાયાત્રામાં ભક્તો ઉમટ્યા**

આજે હનુમાન જયંતિના પાવન પ્રસંગે ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે કટારિયા હનુમાનદાદાના મંદિરે મારૂતિ યજ્ઞ અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં ભાવિ ભક્તો ઉમટી પડ્યા હતા. (તસવીર : દર્શન મારૂ)

# ડભોડીયા હનુમાનજી દાદાના દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટ્યો

## ૧૧૧૧ તેલના ડબાથી અભિષેક કરાયો : ૧૫૧ કિલોની કેક કાપી 'હેપ્પી બર્થ ડે' ઉજવાઈ : જાજરમાન શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યુ દિવસે ૧૧ થી ૮ દરમ્યાન મંદિર ચંદ્રગ્રહણના કારણે બંધ રખાયું



(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડીયા હનુાનજીના મંદિરે આજે ભારે ઉલ્લાસપૂર્ણ માહોલમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વહેલી પરોઢે મારૂતિ નંદન યજ્ઞથી પ્રારંભ થયેલ આ ઉજવણી દરમ્યાન ડભોડીયા દાદાને ૧૧૧૧ તેલના ડબાથી અભિષેક કરાયો હતો આવી ત્યારે પણ શ્રદ્ધાળુઓએ ભારે જય ઘોષથી શ્રદ્ધા પ્રગટ કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ ઉપરાંત હનુમાન દાદાનો હેપ્પી બર્થડે ૧૫૧ કિલોની કેક કાપી ઉજવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. દર્શનાર્થીઓમાં દાદાના



અને ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો 'હેપ્પી બર્થ ડે' સેલીબ્રેટ કરાયો હતો. વહેલી સવારથી અહીં શ્રદ્ધાળુઓએ ભારે ભીડ જમાવી હતી અને દાદાના દર્શનનો લ્હાવો લીધો હતો.

ડભોડીયા દાદાના દર્શનાર્થે ઉમટેલા ઘોડાપુરને કારણે તંત્ર વ્યવસ્થા જાળવવામાં જોતરાઈ ગયું હતું. વહેલી સવારથી મારૂતિ યજ્ઞ યોજાયા બાદ દાદાને ૧૧૧૧ તેલના ડબાથી અભિષેક કરાયો ત્યારે જય હનુમાનના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ. દાદાના મંદિરના શિખરે ૫૨ ગજની ધજા ચઢાવવામાં ચરણસ્પર્શ કરવાની જાણે હોડ લાગી હતી અને દર્શન કરી દાદાને શ્રીફળ, તેલ, સિંદૂર, અગરબત્તી, પ્રસાદ વગેરે ધરાવ્યા હતા. શ્રદ્ધાળુઓએ હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા અને સુંદરકાંડના પાઠમાં પણ ભાગ લીધો હતો. ડભોડીયા દાદાનું મંદિર સવારે ૧૧ થી સાંજના ૮ વાગ્યા સુધી બંધ રહ્યું હતુ. પરંતુ દર્શનાર્થીઓની ભીડ સતત જોવા મળી હતી. ગામમાં નીકળેલી દાદાની જાજરમાન શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. દર્શન કર્યા બાદ ભક્તોએ બુંદીના પ્રસાદનો લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી.

# દહેજ માંગીને મારઝૂડ કરતાં પતિ સામે પોલીસ ફરિયાદ

## અન્ય યુવતી સાથે આડા સંબંધો ધરાવતો પતિ તેની પત્નિને શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો : ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૪

શહેરને અડીને આવેલા સરગાસણ ગામમાં રહેતી પરિણિતાએ તેના પતિ સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. અન્ય યુવતી સાથે આડા સંબંધ રાખી અવાર-નવાર રૂ. ૮૦ હજાર દહેજ માંગી પતિ મારઝુડ કરતો હોવાની ફરીયાદ પત્નિએ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સરગાસણ ગામમાં મહાદેવ મંદિર સામે રહેતી ૨૯ વર્ષિય પરિણિતા પીન્કીબેન કૌશીકકુમાર રાવલે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં આપેલી ફરીયાદ મુજબ તેણીના પતિ કૌશિકકુમાર રમેશચંદ્ર રાવલે ગઈકાલે બપોરે તેણીની સામે સામાન્ય બાબતે ગાળાગાળી કરીને મારઝુડ કરી હતી. તે ઉપરાંત અવારનવાર રૂ. ૮૦ હજારની માંગણી કરતો હતો તથા અન્ય યુવતી સાથે આડા સંબંધો રાખી શારીરિક માનસિક ત્રાસ આપતો હોવાની ફરીયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે પરિણિતાની ફરીયાદને આધારે કૌશિકભાઈ સામે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# સેક્ટર-૨૪માં પરિણીતાનો ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત

## સવારે પોતાના ઘરે જ કઈ કારણોસર અંતિમ પગલું ભરી લીધું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સે-૨૪ આદર્શનગર સોસાયટી ખાતે રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ આજે સવારનાં અરસામાં પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતાં ચકચાર મચી જવા પામી છે. સે-૨૧ પોલીસે આ બનાવ બાદ મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૪ આદર્શનગર ખાતે રહેતી ૪૦ વર્ષીય પરિણીતા અલ્કાબેનના લગ્ન બિપીનભાઈ પ્રિયદર્શી સાથે ૧૮ વર્ષ પહેલા થયા હતા આજે સવારે અલ્કાબેન ઘરે એકલા હતા ત્યારે રૂમમાં જઈને કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોનું ધ્યાન લટકતી પરિણીતા અલ્કાબેન પર પડતાં સ્તબ્ધ થઈ ગયા હતાં. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી પરંતુ તેણીને ફરજ પરનાં તબીબે મૃત જાહેર કરી હતી. સે-૨૧ પોલીસને ઘટનાની જાણ થતાં જમાદાર પ્રવિણભાઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતાં અને મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દૌર શરૂ કર્યો છે.

# સિવિલ હોસ્પિટલમથી ગુમ થયેલા દર્દીનો દોઢ માસથી પત્તો નથી

ગાંધીનગર, તા.૪


ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દી ૨૨ ફેબ્રુઆરીના રોજ કયાંક ચાલ્યા ગયા હતાં. સે-૨-સી પ્લોટ નં. ૧૫૮૬/૧ ખાતે રહેતાં રાજુભાઈ રામલાલ કંસારા હોસ્પિટલમાંથી બપોરે બે વાગ્યાના અરસામાં ગાયબ થઈ ગયા હતાં. દર્દીની શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો નથી. આ લાપતા યુવાનના જમણા હાથે કનૈયાનું છુંદણું છે. સે-૭ પોલીસ મથકના જમાદાર ચંદુભાઈએ ગુમ થયા અંગે જાણવા જોગ લઈ તેમની શોધખોળ શરુ કરી છે. દોઢ માસ બાદ પણ યુવાનની કોઈ ભાળ મળી નથી.

# ગાંધીનગરના સેવા વસ્તી માટે ૬૧૬ મકાનોની ડ્રોથી ફાળવણી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર ખાતે આવેલી સેવા વસ્તીઓમાં રહેતા પરિવારોના પુન : વસન અને પુન : વિકાસ માટે ગાંધીનગર ખાતે કોલવડા ગામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સુવિધા યુક્ત મકાનો તૈયાર કરવામાં આવ્યા છે. આજરોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સેવા વસ્તીમાં રહેતા ૬૧૬ પરિવારોને આ મકાનોની ફાળવણી કોમ્પ્યુટર ડ્રોથી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતનો નાગરિક સેવા વસ્તીમાં ન રહે અને તેનું જીવન ધોરણ ઉંચુ લાવવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા ગાંધીનગરના આંગણે ૪૭ કરોડ રૂપિયાના ખર્ચે ૮૦૦ મકાનો તૈયાર કરવામાં આવ્યા છે. આજે ગાંધીનગરની વિવિધ સેવા વસ્તીમાં રહેતા ૬૧૬ પરિવારોને મકાનોની ફાળવણી કરવામાં આવી રહી છે, તેનો આનંદ વ્યક્ત કરીને



તેઓશ્રીએ તમામ લાભાર્થીઓને સરકારી જમીન પરના પોતાના ઝુંપડામાંથી સુવિધા યુકત આવાસમાં રહેવા જવાનો અનુરોધ કર્યો હતો. મકાન મેળવનાર તમામ પરિવારોને પોતાના બાળકોને શિક્ષણ આપવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, આવનારા દિવસમાં ગરીબોને પાકા મકાન આપવા.. આ સ્વપ્નને સાકાર કરવા ગતિશીલ ગુજરાતના પ્રણેતા રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સાર્થક કરવાની દિશામાં કદમ માંડી ચુક્યા છે. જેના ભાગરૂપે આજે ગાંધીનગરમાં આવેલી વિવિધ જગ્યા પર ઝુંપડા બાંધીને રહેતા લોકોને સુવિધા યુકત પાકા મકાનોની ફાળવણી કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ મકાનોમાં આપવામાં આવેલી વિવિધ સુવિધાઓથી સર્વેને માહિતગાર કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે, ગાંધીનગરના આંગણે ઝુંપડામાં રહેતા લોકો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૮૦૦ મકાન તૈયાર કરવામાં આવ્યા છે. એક બ્લોકમાં ૩૨ આવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. એક આવાસ બનાવવાનું અંદાજિત ખર્ચ ૫.૬૪ લાખ છે. પરંતુ રાજય સરકાર દ્વારા આવાસ બનાવવાનો ૯૦ ટકા ખર્ચે પોતે ભોગવીને લાભાર્થીઓને માત્ર ૧૦ ટકા રકમ એટલે કે ૫૬ હજાર રૂપિયાનો ડીડી અને અન્ય જરૂરી પુરાવા આપવાથી ફાળવણી કરવામાં આવશે. મકાન કોમ્પ્યુટર ડ્રો માં કેવી રીતે ફાળવણી કરવામાં આવશે અને મકાન ડ્રો માં મળી ગયા બાદ લાભાર્થીઓએ શું શું કરવાનું છે, તેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ૬૧૬ મકાનનો કોમ્પ્યુટર ડ્રો મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત પ્રાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલે કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ અને મહામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણી, નિવાસી અધિક કલેકટર શ્રી વી. જી. કાલરિયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી પ્રદિપસિંહ રાઠોડ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૭ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બાજા બજા દેગે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ડ્રેગન બ્લેક : ૪.૧૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦, ૧૦.૦૦

હંટર : ૪.૪૫

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. નટવરભાઈ ચતુરદાસ પટેલ (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૧૯૨/૧, સેકટર-૨૫ ન્યુ, સૂર્યનારાયણ સોસાયટી, ગાંધીનગર
- સ્વ. કાન્તીલાલ મણીલાલ પટેલ (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૧૦૦૧/૧, સેકટર-૪ડી, ગાંધીનગર
- સ્વ. હર્ષદભાઈ ધીરજલાલ અજપાણી (ઉ.વ.૫૬) પ્લોટ નં. ૪૫૦/૨, સેકટર-૧૨બી, ગાંધીનગર
- નાયી કોકીલાબેન દશરથભાઈ (ઉ.વ.૫૬) મુ. ધમાસણા, નાયીવાસ, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પરમાર કરસનભાઈ સુરાભાઈ (ઉ.વ.૭૫) મુ. વાવોલ, કુબેરનગર, તા.જી. ગાંધીનગર